
# ધનસુરા ખાતે ટ્રકની અડફેટે બે વિદ્યાર્થીઓના મોત

## અકસ્માતને પગલે ગ્રામજનો રોડ પર ઉતરી આવ્યા : ચાર કલાક સુધી મોડાસા કપડવંજ હાઈવેને ચકકાજામ કરવામાં આવ્યો



(તસવીર : સમીર બલોચ, મોડાસા)





**(જીતેન્દ્ર પટેલ ધ્વારા)**

ધનસુરા તા.૧૩

છેલ્લા કેટલાય સમયથી અરવલ્લી જીલ્લાના ધનસુરા ચાર રસ્તા ખાતે ટ્રાફીકની સમસ્યાને લઈને ગ્રામજનો ધ્વારા કેટલીવાર આ બાબતે રજુઆત કરવામાં આવી છે. જયારે આ ચાર રસ્તા પર સર્કલ બનાવવા તેમજ બમ્પ મુકવા માટે આ પ્રશ્ન ગુજરાત રાજયના ગૃહમંત્રી રજનીભાઈ પટેલની હાજરીમાં લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં પણ આ બાબતે રજુઆત કરવામાં આવી હતી. તેમ છતાં પણ આજ સુધી આ બાબતે કોઈ કાર્યવાહી કરવામાં આવી નહોતી. ત્યારે આજે સવારે આ ચાર રસ્તા પર ધો ૧૨માં અભ્યાસ કરતાં બે વિદ્યાર્થીઓનુ ટ્રકની અડફેટે મોત નિપજતાં ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ સહિત મજાહો ગ્રામજનો રોડ પર ઉતરી આવ્યા હતા.


આ અંગ્રે પ્રાપ્ત માહિતી અનુસાર આજે સવારે ૮ વાગ્યાની આસપાસ ધનસુરા ચાર રસ્તા પરથી બે વિદ્યાર્થીઓ પોતાનુ બાઈક લઈને અભ્યાસ અર્થે જતાં હતાં તે દરમ્યાન બાયડ બાજુથી માંતેલા સાંઢની જેમ આવતા ટ્રકે ટકકર મારતાં આ બે વિદ્યાર્થીઓનુ ઘટના સ્થળે મોત નીપજ્યું હતુ. ત્યારે આ ઘટનાની જાણ ધનસુરા પંથકમાં થતાં ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ ત્રીવેણીબેન અને હજારોની સંખ્યામાં ગ્રામજનો રોડ ઉપર ઉતરી આવ્યા હતા અને લોકો ધ્વારા મોડાસા કપડવંજ રોડને ચાર કલાક સુધી બાનમાં લઈ ટ્રાફીક વ્યવહાર અટકાવી દીધો હતો. જેને લઈને બાયડ અને મોડાસા બન્ને બાજુ ચાર કીલોમીટર સુધી વાહનોની લાંબી લાઈન લાગી હતી જેને લઈને નોકરીએ જતાં મુસાફરો તેમજ સ્કુલમાં જતા વિદ્યાર્થીઓ અટવાઈ પડયા હતા. જયારે ગ્રામજનોએ તાત્કાલીક ધોરણે આ અકસ્માતનો બનાવ ફરીથી ન બને તે માટે બમ્પ બનાવવની માંગણી સાથે સમગ્ર રોડને ચકકાજામ કરી દેવામાં આવ્યો હતો. જયારે આ બાબતની ગંભીરતાને લઈને નાયબ કલેકટર અને ઉચ્ચકક્ષાના પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે પહોચી ગયા હતા અને લોકોને આ બાબતે યોગ્ય કરવાની ખાત્રી આપીને સમજાવીને અંદાજે ચાર કલાક જેટલા સમય પછી ટ્રાફીક વ્યવહાર હળવો કરી ચાલુ કરાવામાં આવ્યો હતો. જયારે આ અંગે જીલ્લા કલેકટર શ્રી બી. જે. ભટ્ટે ઘટનાની ગંભીરતાને લઈને તાત્કાલીક માર્ગ મકાન વિભાગને આદેશ આપી તાત્કાલીક ધોરણે બમ્પ બનાવવા આદેશ આપ્યો હતો અને તમામ વર્ગના ઉચ્ચ અધિકારીઓની તાત્કાલીક ધોરણે કલેકટર કચેરી ખાતે મીટીંગ બોલાવામાં આવી હતી.

જયારે આ અકસ્માતમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતાં પાર્થ પરેશભાઈ સોની તેમજ ચમાર શીવરામ લાલભાઈનુ ઘટના સ્થળે મોત નીપજયુ હતુ જે અંગે ધનસુરા પોલીસે અજાણ્યા ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



## અકસ્માતમાં મૃત્યુ પામેલા બન્ને બાળકોને કલેકટર કચેરી ખાતે મૌન પાળી શ્રધ્ધાંજલી આપવામાં આવી

આજે વહેલી સવારે ધનસુરા ચાર રસ્તા ખાતે ટ્રકની અડફેટે ધો-૧૨માં અભ્યાસ કરતાં બે આશાસ્પદ



યુવાનોનુ મોત નીપજયુ હતુ. જેને લઈને સમગ્ર ધનસુરાવાસીઓ રોડ ઉપર ઉતરી પડયા હતા અને ચાર કલાક સુધી હાઈવેને જામ કરવામાં આવ્યો હતો. જે ઘટનાને પગલે જીલ્લા કલેકટર ધ્વારા તાબડતોબ અધિકારીઓ ની મીટીંગ બોલાવામાં આવી હતી અને મહત્વના અને ફરીથી આવી કોઈ ઘટના ના ઘટે તે માટે તાબડતોબ પગલા લેવામાં આવ્યા હતા. જયારે મીટીંગના અંતે આ અકસ્માતમાં મૃત્યુ પામેલા બન્ને બાળકોને બે મીનીટ મૌન પાડી શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી.

## ધનસુરા ગ્રામજનોની બાયપાસ બનાવવા માંગ

છેલ્લા કેટલાય સમય થી ધનસુરા ચાર રસ્તા ઉપર અકસ્માતો ની સંખ્યા માં વધારો થવા પામ્યો છે જયારે માલપુર ગોધરા હાઈવે પર ટોલટેક્ષ વસુલવામાં આવે છે જેને લઈ ને ટ્રક ચાલકો મોડાસા નડીઆદ હાઈવે પર થીસ પસાર થવા લાગ્યા છે ત્યારે ધનસુરા ની પ્રજાને રસ્તો ક્રોસ કરવા માટે ઘણુ કઠીન બને છે અને રસ્તો ક્રોસ કરવા માટે પાં થી દસ મીમનીટ સુધી રાહ જોવી પડે છે ત્યારે આ સમસ્યા નુ નિવારણ લાવવા માટે ધનસુરા ના ગ્રામજનો ધ્વારા રાજય ના મુખ્યમંત્રી તેમજ ધારાસભ્ય તેમજ સંસદસભ્ય અને કલેકટર ને બાયપાસ બનાવવા માટે રજુઆત કરવાનુ જાણવા મળેલ છે.

## જીલ્લા કલેટકર દ્વારા આ અકસ્માતને પગલે તાત્કાલીક અધિકારીઓની મીટીગ બોલાવી

આજ રોજ ધનસુરા ખાતે આવેલ ચાર રસ્તા ઉપર ટ્રક ની અડફેટે ધો-૧૨ માં ભણતા બે વિદ્યાર્થીઓ નુ મોત નીપજયુ હતુ જે ઘટના ની ગંભીરતા ને લઈ અને સુરક્ષા ના પગલે સુચનો કરવા માટે અરવલ્લી જિલ્લા કલેકટર બી.જે.ભટ્ટ ધ્વારા તાત્કાલીક ધોરણે અધિકારીઓ ની મીટીંગ બોલાવવામાં આવી હતી મીટીગ માં ધનસુરા ચાર રસ્તા ખાતે એક હાઈમાસ ભો કરવામાં આવશે સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે તેમજ ડીવાઈડર પણ બનાવવામાં આવશે અને તાત્કાલીક ધોરણે બમ્પબનાવવા પણ સુચન કરવામાં આવ્યા હતા જયારે આ મીટીગ માં ધનસુરા ના ગ્રામજનો અને સરપંચ પણ ઉપસ્થીત રહયા હતા.

## ઘટનાની ગંભીરતાને લઈને તાત્કાલીક બમ્પ બનાવવામાં આવ્યા

આજ રોજ ધનસુરા ખાતે આવેલ ચાર રસ્તા ઉપર ટ્રક ની અડફેટે ધો-૧૨ માં ભણતા બે વિદ્યાર્થીઓ નુ મોત નીપજયુ હતુ જે ઘટનાને પગલે ધનસુરા ગ્રામજનો રોડ ઉપર ઉતરી આવ્યા હતા અને ચાર કલાક સુધી સમગ્ર રોડ ને બમ્પ બનાવવાની માંગણી લઈ ને સમગ્ર હાઈવે ને ચાર કલાક સુધી ચકકાજામ કરી દેવામાં આવ્ય હતા ત્યારે



અધિક કલેકટર અને ચ્ પોલીસ અધિકારીઓ ની સમજાવટ ના પગલે સમગ્ર ગ્રામજનો એ રોડ પર થી હટી જઈ ટ્રાફીક ને પુનઃચાલુ કરવામાં આવ્યો હતો અને આર.એન્ડ બી વિભાગ ધ્વારા તાત્કાલીક ધોરણે બમ્પ બનાવાની કામગીર શરૂ કરવામાં આવી હતી.

## મેઘરજ ખાતે પતંગની દોરીથી ગળુ કપાઈ જતાં એકનુ મોત

મોડાસા, તા ૧૩

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાની સરહદે આવેલા જેઠોલ ગામના આશાશ્પદ યુવાન મેડા અમૃતભાઈ કનુભાઈનુ પતંગ ચગાવાની દોરીથી ગળુ કપાઈ જતાં મોત નીપજ્યું હતુ. જેઓ સોમવારના સાંજના



(તસવીર : જય અમીન, મોડાસા)

સમયે અમૃતભાઈ પોતાનુ બાઈક લઈ જેઠલડાથી માંડલી ચેક પોસ્ટ તરફ જઈ રહયા હતા ત્યારે તે દરમ્યાન અચાનક સામે પતંગની દોરી આવી જવાથી ગળાના ભાગે કપાઈ ગયા હતા ત્યારે તાત્કાલીક તેમને સારવાર ખાતે મોડાસાની ખાનગી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ દવાખાને પહોચતા પહેલા જ તેમનુ પ્રાણ પંખેરૂ ઉડી ગયુ હતુ ત્યારે લાશનુ પી. એમ. સીમલવાડા ખાતે કરવામાં આવ્યુ હતુ. વધુ તપાસ માટે મેડીકલ બોર્ડ બેસાડવામાં આવ્યુ હતુ.

## વડગામના મુજાહીદપુરા મિલ્ક કલેક્શન સેન્ટરના નવીન દૂધ ઘરનો પ્રારંભ

પાલનપુર, તા. ૧૩

બનાસડેરી સંલગ્ન વડગામ તાલુકાની ધી મુજાહીદપુરા (કરનાળાપરા) મિલ્ક કલેકશન સેન્ટરના નવીન દૂધઘરના ઉદ્‌ઘાટન પ્રસંગે બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળે જણાવેલ કે, સ્વ. ગલબાભાઈ પટેલે બનાસડેરીનું નાનકડું બીજ રોપેલું જે આજે મોટુ વટવૃક્ષ બની સમગ્ર એશિયા ખંડમાં સૌથી મોટી ડેરી બની છે જે આપણા જિલ્લાના દૂધ ઉત્પાદકો માટે ગૌરવરૂપ છે. આપણે તા. ૭-૧-૨૦૧૫ના રોજ દૈનિક ૪૧.૧૫ લાખ લીટર દૂધ સંપાદન કરી એક વિક્રમ પ્રસ્થાપિત કર્યો છે.

બનાસડેરી એશિયા ખંડમાં પ્રથમ સ્થાને નામના મેળવેલ છે ત્યારે તેની જવાબદારીઓ પણ વધતી જ જાય છે અને તે નામના જાળવી રાખવા માટે આપણે મંડળી કક્ષાએથી ગુણવત્તાસભર બનવું પડશે. અત્યારે ૯૧૦ દૂધ મંડળીઓએ આઈ.એસ.ઓ. સર્ટીફીકેશન મેળવેલ છે અને દૂધની ક્વોલીટી જાળવવા અત્યારે જિલ્લામાં ૧૦૦૦ થી વધુ દૂધમંડળીઓમાં બલ્કકુલરો પ્રસ્થાપિત કર્યા છે. પશુપાલકોને વૈજ્ઞાનિક ઢબે ઓછા ખર્ચે વધુ દૂધ ઉત્પાદન કરી શકે તે વિવિધ યોજનાઓ અમલમાં મુકેલ છે જેવી કે સમતોલ પશુ આહાર, પ્રગતિશીલ દૂધ ઉત્પાદક વિકાસ કાર્યક્રમ, પશુ વંધ્યત્વ નિવારણ કાર્યક્રમ વગેરે. આ ઉપરાંત પસુદીઠ દૂધ ઉત્પાદકતા વધારવા કેટલફીડ ફેક્ટરીમાં જરૂરિયાત મુજબના વિવિધ પશુઆહારોનું પણ ઉત્પાદન કરવામાં આવે છે.

વધુમાં દરેક પશુપાલકો દેશી ગાય વસાવે જેનાથી એક ગાયથી ૨૦ વીઘા જમીનમાં ઓર્ગેનીક ખેતી કરી શકાય છે. તેમજ દેશી ગાયનું ગૌમૂત્ર પીવાથી પણ અનેક બીમારીઓ મટે છે. વધુમાં દરેક પશુપાલક ખેડૂતો પોતાના જ ખેતરમાં સજીવ ખેતી દ્વારા શાકભાજીનું વાવેતર કરી ઉપયોગ કરે જેનાથી નિરોગી રહી શકાય તેવો શુભ સંકેત આપ્યો હતો. ઉત્તર ભારતના ધાર્મિક સ્થળો જેવા કે કેદારનાથ, બદ્રીનાત, હરીદ્વાર, મથુરા, વારાણસી વગેરે સ્થળોએ આપણી બનાસડેરીનું દૂધ મળે છે અને આપણા લશ્કરમાં પણ આપણી બનાસડેરીનું જ દૂધ જાય છે. તેમજ આ મિલ્ક કલેકશન સેન્ટરના ચેરમેનશ્રી અને મંત્રીશ્રીના કુશળ વહીવટ બદલ તેમનો અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે બનાસડેરીના ડિરેક્ટર દિનેશભાઈ ભટોળ, માજી ડિરેક્ટર હેમરાજભાઈ ઉપલાણા તેમજ અન્ય સહકારી આગેવાનો, બનાસડેરીના ઓ.એસ.ડી. માનજીભાઈ ધુળીયા, ડૉ. નિકમ, ડૉ. હરીભાઈ તેમજ અન્ય કર્મચારીગણ તેમજ વિશાળ સંખ્યામાં દૂધ ઉત્પાદકો ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## મોડાસા શહેર એકટીવ પ્રિન્ટ મીડીયા અને ઈલેકટ્રોનીક મીડીયા ગ્રુપના હોદ્દેદારોની વરણી કરવામાં આવી

અરવલ્લી જીલ્લાની સ્થાપના કર્યા પછી આજે મોડાસા ખાતે મોડાસામાં સમાજના પ્રશ્નોને વાચા આપવા માટે હરહંમેશ ખડે પગે તૈયાર રહેનાર પ્રિન્ટ મીડીયા અને ઈલેકટ્રોનીક મીડીયાના એકટીવ પત્રકારોનુ આજે એક ગ્રુપ બનાવવામાં આવ્યુ હતુ. આજે બપોરે તમામ હોદ્દેદારોની ઉપસ્થીતીમાં આ ગ્રુપના પ્રમુખ ઉપપ્રમુખ મંત્રી સહમંત્રી કોષાઅધ્યક્ષ તેમજ સલાહકારની નીમણુક કરવામાં આવી હતી. આ ગ્રુપમાં પ્રમુખ તરીકે કેતુલ જયસ્વાલ (સંદેશ) ઉપપ્રમુખ તરીકે ભરતભાઈ કડીયા (નિર્માણ ન્યુઝ) તેમજ મંત્રી તરીકે રાકેશભાઈ પટેલ (દિવ્યભાસ્કર) સહમંત્રી તરીકે હાર્દીકભાઈ પટેલ (ઈ ટીવી ) તેમજ કોષાઅધ્યક્ષ તરીકે ઈકબાલભાઈ ચીશતી (આજકાલ દૈનીક) અને સલાહકાર તરીકે પ્રભુદાસભાઈ પટેલ (ગુજરાત સમાચાર) અફતાબભાઈ દુરાની (જયહિંદ)તેમજ ભરતભાઈ પરમાર (ફુલછાબ દૈનીક)ની નીમણુક કરવામાં આવી હતી. જેને ગ્રુપના તમામ મેમ્બરોએ હર્ષ અને ઉલ્લાસ સાથે આવકારી હતી અને વરણી થનાર દરેક હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી હતી.

## પ્રાંતિજમાં ત્રણ દિવસથી ટેલિફોન સેવા ઠપ્પ થતાં ગ્રાહકો પરેશાન

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ટેલિફોન સેવા ત્રણ દિવસથી ઠપ્પ થતાં ટેલિફોન ગ્રાહકો તથા બ્રોડબેન્ડ ગ્રાહકો મુશ્કેલીમાં મુકાયા છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ ખાતે ત્રણ દિવસથી ટેલિફોન સેવા ઠપ્પ થતાં અને તહેવાર ટાણે જ ટેલિફોન સેવા બંધ થતાં વેપારીઓમાં રોષ જોવા મળ્યો છે. જ્યારે કાચબાની ગતિએ કામ થતા ટેલિફોન ગ્રાહકો વધુ કેટલાક દિવસ ફોન અને ક્યાં સુધી બંધ રહેશે તે એક પ્રશ્ન છે. અને ટેલિફોન ઓફિસમાં ટેલીફોન ગ્રાહકો દોડી આવ્યા હતા. જ્યારે ટેલિફોન ઘંટડીઓનો રણકાર બંધ થઈ ગયા છે ત્યારે યંત્ર યુગમાં પણ ગ્રાહકોને ટેલિફોનને લઈને ત્રણ-ત્રણ દિવસથી પરેશાનીઓનો સામનો કરવાનો વારો આવ્યો છે, જ્યારે તંત્ર દ્વારા આળશ ખંખેરી ઝડપથી ઠપ્પ થઈ ગયેલ ટેલિફોન સેવાઓ શરૂ કરે તેવું ટેલિફોન ગ્રાહકો જણાવી રહ્યા છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol | EXIDE INDUSTRIES LIMITED | BRIDGESTONE PASSION for EXCELLENCE | JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦